# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
# સેન્ટ્રલ વર્કશોપ

## 6-Service offered by Central Workshop

- સેન્ટ્રલ વર્કશોપ દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનનાં જુદા જુદા ખાતાઓની જરૂરીયાત મુજબના વાહનો / સાધનો / મશીનરીઓ વિગેરે ફાળવવામાં આવે છે. જેમાં નાગરિકલક્ષી સેવાઓ જેવી કે હેલ્થ, રેફ્યુઝ, સોલીડ વેસ્ટ મેનેજન્ટ, પાણી , ગટર , લાઈટ, સુએજ ટ્રીટમેન્ટ, રોડ , એન્જીનીયરીંગ, એસ્ટેટ, સ્કુલબોર્ડ જેવા મુખ્ય વિભાગોની માંગણી અનુસારનાં વાહનો / સાધનો ડ્રાયવર સહિત દૈનિક ધોરણે જરૂરીયાત મુજબનાં જુદી જુદી શીફટમાં પુરા પાડી શહેરીજનોને સેવાઓ પુરી પાડવા માટે અગત્યનો ભાગ ભજવે છે.
- સેન્ટ્રલ વર્કશોપ દ્વારા શહેરનાં આયોજિત કરવામાં આવતી જુદી જુદી ઈવેન્ટ અન્વયે, જાહેર સરકારી કાર્યક્રમો અંતર્ગત જરૂરીયાત મુજબનાં વાહનો / સાધનો જે તે ખાતાની ભલામણ મુજબ પુરા પાડવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં આવતી કુદરતી આપત્તિઓ, ભારે વરસાદ, પુર, સાયકલોન વિગેરેમાં ડીઝાસ્ટર મેનેજમેન્ટ કામગીરી અન્વયે જુદી જુદી સેવાઓ અંતર્ગત જરૂરી વાહનો / સાધનો વિગેરે અત્રેથી પુરા પાડવામાં આવે છે.
- શહેરમાં ભારે વરસાદ, ઈજનેર વિભાગની પાણીની લાઈનમાં ભંગાણ, વરસાદી પાણીનાં નિકાલ વિગેરે સારૂ જુદી જુદી સાઈઝ / કેપેસીટીનાં ડીવોટરીંગ પંપો તથા હેવી ડી વોટરીંગ પંપો (વાહન માઉન્ટેડ) જરૂરીયાત મુજબ ઈજનેર / એસટીપી વિગેરે વિભાગને પુરા પાડવામાં આવે છે.
- શહેરમાં બિમાર / મરેલા જાનવરોનાં નિકાલની કામગીરી માટે સ્પેશીયલ પ્રકારનાં હાઈડ્રોલીક ઓપરેટેડ વાહનો સીએનસીડી ખાતાને પુરા પાડવાની કામગીરી કરવામાં આવે છે.
- એસ્ટેટ / ટીડીઓ ખાતાની કામગીરી સારૂ ગેરકાયદેસર નડતરરૂપ બાંધકામો દુર કરવા માટે જુદી જુદી મશીનરીઓ તથા વાહનો જે તે ઝોનલ એસ્ટેટ વિભાગને વિગેરે પુરા પાડવાની કામગીરી સેન્ટ્રલ વર્કશોપ દ્વારા કરવામાં આવે છે.

- નાગરીકલક્ષી સેવાઓ પુરી પાડવાનાં હેતુસર જાહેર સમારંભ, લગ્ન તથા મરણ જેવા સારા - નરસા પ્રસંગો માટે અત્રેથી નોમીનલ ચાર્જ લઈ પીવાનાં પાણીની ટેન્કરો તથા મોબાઈલ ટોઈલેટ યુનીટ વાહનો પુરા પાડવામાં આવે છે.
- સીએનસીડી ખાતા દ્વારા મુખ્ય રસ્તાઓ પર રખડતા ઢોર તથા અન્ય પ્રાણીઓ ટ્રાફીકને નડતર રૂપ થતા હોઈ આવા પ્રાણીઓને અત્રેથી ફાળવવામાં આવતા ટ્રેકટર ટ્રેઈલર વાહનોમાં પકડીને ઢોરવાડામાં પુરવામાં આવે છે. જે અંગેનાં વાહનો / સાધનો પણ અત્રેથી પુરા પાડવામાં આવે છે.
- સેન્ટ્રલ વર્કશોપ ખાતાનાં જુદી જુદી કેડરનાં અધિકારીશ્રીઓને નિયમોનુસાર જુદા જુદા પ્રકારનાં કાર પ્રકારનાં વાહનો અત્રેથી પુરા પાડવામાં આવે છે તથા સેન્ટ્રલ ઓફિસ તથા સેક્રેટરી ઓફિસ મારફતે પુરા પાડવામાં આવતાં વાહનો / સાધનો વિગેરેનાં મરામત તથા નિભાવની કામગીરી સેન્ટ્રલ વર્કશોપ દ્વારા કરવામાં આવે છે.
- વધુમાં જુદા જુદા ખાતાઓની ક્ષેત્રિય કામગીરી સારૂ જરૂરીયાત મુજબ જુદા જુદા વાહનો / સાધનો વિગેરે પણ દૈનિક ધોરણે અત્રેથી પુરા પાડવામાં આવે છે.